DAY — **10** SEAT NUMBER | | | | | | |

2025	II	24	1100	**J-323**	(G)

CHILD DEVELOPMENT (43)

Time : 3 Hrs. **(7 Pages)** **Max. Marks : 70**

સૂચના : *(૧) દરેક પ્રશ્નો હલ કરવા ફરજિયાત છે.*

(૨) જ્યાં જરૂરી હોય ત્યાં સ્વચ્છ, સુંદર નામાંકિત આકૃતિ દોરવી.

(૩) જમણી બાજુના અંક પૂર્ણ ગુણ દર્શાવે છે.

(૪) દરેક નવા પ્રશ્નનો ઉત્તર નવા પૃષ્ઠથી શરૂ કરવો.

પ્ર. ૧. (અ) નીચેના પર્યાયમાંથી યોગ્ય પર્યાય પસંદ કરી નીચેના વાક્યો ફરીથી લખો : (૬) **[૧૮]**

(૧) જન્મથી વ્યક્તિની લાક્ષણિકતાઓ બંધનમુક્ત થતી જાય છે.

આ પ્રક્રિયાને ..... કહેવાય છે.

(અ) અધ્યયન

(બ) પરિપક્વતા

(ક) શીખવા યોગ્ય ક્ષણ

(૨) પ્રેમ અને વાત્સલ્ય એ બાળકની ..... જરૂરિયાત છે.

(અ) માનસિક-સામાજિક

(બ) શારીરિક

(ક) તાર્કિક

(૩) ..... ની ઊંમર પછી બાળકનાં દૂધીયા દાંત પડીને કાયમી દાંત આવે છે.

(અ) ૪

(બ) ૫

(ક) ૬

(૪) ..... માં ૧૮૪૦ માં પ્રથમ બાળ સંગોપન કેન્દ્રનું સ્થાપન થયું.

(અ) ફ્રાન્સ

(બ) સ્વીડન

(ક) અમેરિકા

(૫) જન્મથી જ બાળકમાં જોવામાં આવતી ખોડખાપણ ..... હોય છે.

(અ) બેડોળ પગ / વાંકા પગ

(બ) એટ્રોફી (સ્નાયુ બારીક થઈને નષ્ટ થવા)

(ક) ફાટેલાં હોઠ

(૬) જે પ્રવૃત્તિમાં ક્રિયાશીલ સહભાગ ન હોય તેને ..... રમત કહેવાય.

(અ) મુક્ત

(બ) અક્રિયાશીલ

(ક) ક્રિયાશીલ

(બ) જૂથ 'અ' અને 'બ' માંથી યોગ્ય જોડકા જોડો : (૬)

જૂથ 'અ'	જૂથ 'બ'
(અ) પ્રશ્નની ઊંમર	(૧) લાત મારવું, ચીસો પાડવી, મુક્કો મારવો અથવા મારવું
(બ) સ્નાયુ પ્રધાન (મિસોમોર્ફિક)	(૨) બેડોળ પગ / વાંકા પગ
(ક) ક્ષણિક તાંડવ	(૩) બાળકનાં શિક્ષણમાં રમત-શિક્ષણનો ઉપયોગ
(ડ) અસ્થિ અક્ષમતા	(૪) પૂર્વ બાલ્યાવસ્થા
(ઇ) રૂસો	(૫) વૃદ્ધિ પર નિયંત્રણ
(ફ) કંઠસ્થ ગ્રંથિ	(૬) સ્નાયુબદ્ધ શરીર
	(૭) ચરબીવાળું શરીર

(ક) નીચેના પ્રશ્નો સૂચના મુજબ કરો : (૬)

(૧) નીચેનું વાક્ય વાંચી વિકાસના કયા ક્ષેત્રને સંબંધિત છે તે જણાવો :
નર્સરીના વર્ગમાં બાળકો ઘુંટણીયે ચાલવું, ચાલવું, કુદવું, ચઢવું જેવી નૈસર્ગિક પ્રવૃત્તિઓ કરે છે.

(૨) નીચે આપેલ સંકેતની મદદથી શબ્દને યોગ્ય રીતે ગોઠવો અને ફરીથી લખો :
મગજનો બાહ્ય ભાગ બે ..... થી બનાવવામાં આવે છે. (લર્ધઅગો)

(૩) નીચેના ચિત્રમાં કયા પ્રકારનો સંવાદ દર્શાવ્યો છે :



(૪) નીચેનો કોઠો પૂર્ણ કરો :

બાળકો માટે મનોરંજક કાર્યક્રમ

સ્ને		સં			ન

(૫) બુદ્ધિઆંકનું સૂત્ર લખો (IQ) :

(૬) નીચના વાક્યમાં રમતનાં કયા પ્રકાર છે તે ઓળખો :

ખાલી પુઠ્ઠા, કાગળની પ્લેટ (થાળી) માંથી લાંબી ટ્રક અને તેના પૈડાં તૈયાર કરી શકાય છે.

પ્ર. ૨. (અ) આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ છ પ્રશ્નોના ઉત્તર લખો : (૧૨) **[૧૬]**

(૧) નીચે આપેલ વાક્ય 'સાચું' છે કે 'ખોટું' તે કારણસહિત જણાવો :

વૃદ્ધિ એ સંખ્યાત્મક ફેરફાર છે.

(૨) પ્રભાવી અને અપ્રભાવી રંગસૂત્ર એટલે શું ?

(૩) સ્થૂલ કારક કૌશલ્ય એટલે શું ? તેના ઉદાહરણ આપો.

(૪) ભાવનાનાં પ્રકાર લખી તેના ઉદાહરણ આપો.

(૫) નાટ્યાત્મક રમતની લાક્ષણિકતા જણાવો.

(૬) કઠપુતળી નાટક એટલે શું ?

(૭) અયોગ્ય શબ્દને સંકેતની મદદથી યોગ્ય રીતે ગોઠવો :

(અ) સંકેત : વિજ્ઞાન ભણાવાતું નથી, બાળક તે ..... શીખે છે.

શબ્દ : ધ શો થી માં

(બ) સંકેત : રૂસો દ્વારા લખાયેલ પ્રસિદ્ધ પુસ્તક

શબ્દ : મિ એ લ

(બ) નીચે આપેલ કોઈપણ બે પ્રશ્નના ટૂંકમાં ઉત્તર લખો : (૪)

(૧) કુપોષણ - ટૂંક નોંધ લખો.

(૨) વિકાસના પગથિયાની યાદી તૈયાર કરો.

(૩) ક્રિયાશીલ અને અક્રિયાશીલ રમત વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

પ્ર. ૩. **(અ)** નીચે આપેલ કોઈપણ ચાર પ્રશ્નના ઉત્તર લખો : (૧૨)**[૧૮]**

(૧) શારીરિક અને માનસિક-સામાજિક જરૂરિયાતનું વર્ગીકરણ કરો.

સ્વીકૃતિ, ભૂખ, ઘર, પ્રેમ અને વાત્સલ્ય, કપડા, સમવયસ્ક મિત્રો, તરસ, ઉંઘ, વિશ્રાંતિ, આરોગ્ય

(૨) વાંચન અક્ષમતાનાં ગુણધર્મ લખો.

(૩) નીચેના તત્વચિંતકનું ચિત્ર ઓળખી તેના શિક્ષણ વિચાર જણાવો :



(૪) શરમાળપણાનાં કારણો લખો. (કોઈપણ ત્રણ)

(૫) શિસ્તની પદ્ધતિ કઈ છે ? કોઈપણ એક પદ્ધતિ સ્પષ્ટ કરો.

(બ) ટૂંકનોંધ લખો (કોઈપણ બે) : (૬)

(૧) સંવેદન

(૨) પાલક/વડીલ અને શાળાનાં સહયોગનું મહત્ત્વ

(૩) કીડરગાર્ટનનાં હેતુ/ઉદ્દેશ્ય

પ્ર. ૪. નીચેના પ્રશ્નોનાં સૂચના મુજબ ઉત્તર લખો : **[૧૮]**

('અ'માંથી એક, 'બ'માંથી એક, 'ક'માંથી એક આ રીતે કુલ ત્રણ પ્રશ્નનાં ઉત્તર લખો)

(અ) બાળકોનાં વિકાસનાં અંગો સ્પષ્ટ કરો : (૬)

અથવા

પૂર્વ બાલ્યાવસ્થામાં શારીરિક વિકાસનાં કોઈપણ ત્રણ પાસાઓ સ્પષ્ટ કરો.

(બ) સામાજિક વર્તનનાં કોઈપણ ત્રણ પ્રકાર સમજાવો. (૬)

અથવા

રમતની વ્યાખ્યા લખી રમતની જરૂરિયાતનાં કારણો/પરિબળો જણાવો.

(ક) સંક્રિયાપૂર્વ અવસ્થાનાં બાળકની કોઈ પણ ત્રણ લાક્ષણિકતા જણાવો. (૬)

અથવા

નીચેનો ફકરો વાંચી આપેલ પ્રશ્નનાં ઉત્તર જણાવો.

આજકાલ બાળકોને ઘરમાં નવા રમકડાં કરતાં સ્માર્ટફોન, લૈપટૉપ, આઈપૈડની ઉપલબ્ધિ સહજતાથી મળી રહી છે. તર્કસંગત નિર્ણયો લેવામાં બાળકની ઉંમર હજી ઘણી કાચી હોય છે. તેથી તેમને તરત જ આનું વ્યસન થઈ શકે છે. સર્વસાધારણ રીતે નોકરી કરતાં માતા-પિતા સુરક્ષિતતા અને સંરક્ષણનાં કારણોથી બાળકોનાં હાથમાં સ્માર્ટફોન આપે છે. જે બાળકોને સ્માર્ટફોનનું વ્યસન હોય છે, તેમનામાં શારીરિક અને માનસિક વિકાસની ઘણી સમસ્યાઓ જોવા મળે છે.

માનસિક વિકાસની સમસ્યાઓ જેવી કે, માનસિક અસંતુલન, એકાગ્રતાની ઉણપ, નૈરાશ્ય, ગુસ્સો અને તેને નિયંત્રિત કરવાની ઉણપ અને શારીરિક સમસ્યાઓ જેવી કે, જોવા અને સાંભળવાનો દોષ, સ્થૂલતા, શરીરમાં સમતોલપણું ન હોવું, મગજનો વિકાસ ઓછો થવો વગેરેનો સમાવેશ થાય છે.

સંપૂર્ણ જીવન જો બાળકોને આ સ્માર્ટફોનનું વ્યસન કાયમ રહે તો બાળકનું વ્યક્તિગત અને સામાજિક બહું મોટું નુકશાન થઈ શકે છે. તેથી માતા-પિતા અને સમાજની જવાબદારી છે કે બાળકોમાં આ વ્યસન પ્રસરે નહીં માટે તેના પ્રતિબંધક ઉપાય કરવાં અતિશય આવશ્યક છે.

(૧) બાળકોમાં સ્માર્ટફોનનાં સહજ વ્યસનનાં કયા કયા કારણો છે ? (૧)

(૨) નોકરી કરતાં માતા-પિતા બાળકોને કયા કયા કારણોને લીધે સ્માર્ટફોન આપે છે ? (૧)

(૩) સ્માર્ટફોનનાં વ્યસનને કારણે બાળકોમાં કઈ માનસિક સમસ્યાઓનું નિર્માણ થાય છે ? (૨)

(૪) સ્માર્ટફોનનાં વ્યસનથી દૂર રહેવાં શું ઉપાયો કરશો ? (૨)

◆◆◆